# RTI એક્ટિવિસ્ટ બની લોકોને રંજાડતા વધુ છ તોડબાજ પત્રકારો સામે ગુનો નોંધાયો

**સિટી** ટુડેના સાકિબ જરીવાલા, એક્તા ચેરિટેબલ ટ્રસ્ટના ઝહીરખાન પઠાણ અને મનીષ ઘંટીવાલા પર પોલીસનો સકંજો

સુરત શહેરમાં છેલ્લા ઘણા સમયથી RTI એક્ટિવિસ્ટ તથા બની બેઠેલા પત્રકારો દ્વારા લોકોને રંજાડતા હોવાની ફરિયાદો ઉઠતા પોલીસે લાલ આંખ કરી છે અને શહેરના અલગ અલગ પોલીસ મથકમાં ખંડણીખોરો સામે એક પછી એક ગુનાઓ દાખલ થઈ રહ્યા છે.ત્યારે સલાબતપુરા પોલીસે પાંચ વ્યક્તિઓ સામે બે ગુનાઓ અને ઉધના પોલીસ મથકમાં એક જ વ્યક્તિ સામે બે ગુના સહીત કુલ અલગ અલગ ચાર ગુનાઓ નોંધાયા છે.

## 35 લાખનો ફ્લેટ 18 લાખમાં પડાવી માત્ર 5 લાખ આપી 20 લાખ સામેથી લેવાના કાઢ્યા

ગુનો નંબર 1

સલાબતપુરા પોલીસ મથકમાં મોહંમદ અયાઝ મોહંમદ ઈમ્તિયાઝે એકતા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ઝહિરખાન ઝમશેરખાન પઠાણ તથા ન્યુઝ સિટી ટુડે દૈનિક ના મોહંમદ શાકીબ મુનાફ (મેમણ) જરીવાલા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમને જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨૩માં ઝહીરખાન પઠાણ તેમની પાસે આવ્યો હતો અને ફ્લેટ ખરીદવાની વાત કરી હતી. તેમણે ફ્લેટ બતાવી 35 લાખનો હોવાનું કહેતા આરોપી ઝહીરખાને 'હું ટ્રસ્ટ ચલાવું છું તારું બાંધકામ ગેરકાયદેસ છે. જેથી આ ફ્લેટ મને ૧૮ લાખમાં આપવો પડશે અને જો તું ૧૮ લાખમાં ફ્લેટ નહી આપે તો હું પાલિકામાં તારી વિરુદ્ધ આર.ટી.આઇ કરી બાંધકામ તોડાવી નાંખીશ' તેવી ધમકી આપી હતી. જેથી તેમણે ૧૮ લાખમાં ફ્લેટ આપી દેવા માટે તૈયારી બતાવી હતી.જેથી બાદમાં ટુકડે ટુકડે ઝહીરખાને રૂપિયા પાંચ લાખ ચૂકવ્યા હતા અને બાકીનું પેમેન્ટ નહીં ચૂકવી ફ્લેટના પઝેશનની માગણી કરી હતી. બાંધકામ ચાલુ હોવાથી તેમણે પઝેશન નહીં આપતા સિટી ટુડે દૈનિક ના મોહંમદ શાકીબને પોતાની પાસે બોલાવી તેને લઈને બાંધકામ સાઈટ પર આવ્યો હતો અને ફોટાઓ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. જે તે સમયે મોહંમદ અયાઝ રૂપિયા પાંચ લાખ પરત આપી દેવાની તૈયારી બતાવી હતી. પરંતુ ઝહીરખાને મારે પાંચ લાખ નહીં પરંતુ તારે મને ૨૦ લાખ રૂપિયા આપવા પડશે તેમ કહીને લોખંડના સળિયા વડે તેમને માર માર્યો હતો

### અમે ચાર ભાઇ છીએ, એક જેલમાં જાય તો ફેર નહીં પડે

ગુનો નંબર 2

સલાબતપુરા વિસ્તારમાં રહેતા મોહંમદ અયાઝ મોહંમદ ઇમ્તીયાઝ દાદુ અને તેમનો ભાઇ મોહંમદ શોએબ બિલ્ડર છે. ગઇ કાલે શાહનવાઝ મોહંમદ રફીક છજ્જુ, મોહંમદ અયાઝ મોહંમદ રફીક છજ્જુ અને તબરેઝ મોહંમદ રફીક છજ્જુ (ત્રણેય ભાઈ રહે. સપ્તશ્રૃંગી માતાના મંદીરની સામે રેશમવાડ સલાબતપુરા સુરત) તેમની બાંધકામની સાઇટ ઉપર આવ્યા હતા. આ ત્રણેયે તેમનું બાંધકામ ગેરકાયદે હોવાનું કહી રૂપિયા માંગ્યા હતાં. તેમણે રૂપિયા આપવાની ના પાડતા તમામે ભેગા મળી કારમાંથી છરો લાવી તેના પેટ પર મૂકી મારી નાંખવાની ધમકી આપી કહ્યું હતું કે અમે ત્રણ - ચાર ભાઈઓ છીએ જેલમાં જશે તો કોઈ ફરક નહીં પડે. અગાઉ તેમને થોડા દિવસમાં નાણા આપવાનું કહ્યું હતું છતાં ઝોનમાં અરજીઓ કરી તેમનું બાંધકામ તોડાવી નાંખ્યું હતું.

### હું ઉધનામાં જ રહું છું, તારા શેઠના ટાંટિયા તોડાવી નાંખીશ

ગુનો નંબર 3

પાલનપુર ગામમાં સુમન જયોત એસએમસી આવાસમાં રહેતા અને ઉધના બીઆરસી કમ્પાઉન્ડ ખાતે લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલમાં નવા બંધાતા બિલ્ડિંગમાં સુપરવાઇઝર તરીકે કામ કરતા જીતેન્દ્ર શંકરભાઈ વસાવાએ ઉધનામાં રહેતા મનીષ ઘંટીવાલા (રાણા) સામે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું છે કે, મનીષ ઘંટીવાલાએ ત્યાં આવી બાંધકામના ફોટા પાડી એક લાખ માંગી તે નહીં આપે તો કલેક્ટર કચેરીએ જિલ્લા સ્વાગતમાં ફરિયાદ નિવારણમાં અરજી કરી આ બાંધકામ તોડાવી નાખવાની ધમકી આપી હતી. તેણે કહ્યું હતું કે 'હું ઉધના વિસ્તારમાં જ રહું છું અને તારા શેઠના ટાંટિયા તોડાવી નાખીશ'

### રૂ.૫૦,૦૦૦ની માંગણી કરાતા ફરિયાદ નોંધાઈ

ગુનો નંબર 4

વેસુમાં જીવરાજ સર્કલ પાસે રાજહંસ જીવનમાં રહેતા અશોકભાઈ મહાવીર પ્રસાદ અગ્રવાલ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઉધના બીઆરસી કમ્પાઉન્ડમાં લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલમાં એક પ્લોટમાં તેમનો બાંધકામ ચાલુ હતું. ત્યારે મનીષ ઘંટી વાળા ત્યાં પહોંચી ગયો હતો અને બાંધકામના ફોટા પાડી જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણમાં ખોટી અરજીઓ કરી બાંધકામ તોડાવી નાખ્યું હતું. અશોકભાઈએ મનીષ ઘંટીવાળા ન રૂબરૂમાં પોતાને ઓફિસે બોલાવતા મનિષે ૫૦,૦૦૦ ની માંગણી કરી હતી. જેથી અશોકભાઈની ફરિયાદને આધારે ઉધના પોલીસે મનીષ ઘંટીવાલા સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. 15 દિવસ પહેલા ઉધના પોલીસ દ્વારા મનીષ ઘંટી વાળા સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી. ખંડણીખોર મનીષ ઘંટીવાલાએ અગાઉ પણ અનેક લોકો ધાકધમકી આપી આ રીતે તોડ કર્યો હતો.ત્યારે ફરી એકવાર બે અલગ અલગ વ્યક્તિઓએ મનીષ ઘંટીવાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેની ફરિયાદના આધારે તેની સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉધના ઝોનમાં મનીષ દ્વારા અનેક લોકો સામે અરજીઓ કરવામાં આવી હોવાની પણ માહિતી સાંપડી છે.

## લોકોને મુશ્કેલમાં મૂકીને વિકાસ થાય તે કેટલે અંશે વ્યાજબી?

# ભાજપના કુમાર કાનાણી ફરી વિપક્ષના રંગમાં

**બ્રિજ** અને મેટ્રોની કામગીરીના કારણે આડેધડ બેરિકેડ અને ડાયવર્ઝન મુદ્દે લોકોની અકળામણ ટાંકી પોલીસ કમિશનરને પત્ર લખ્યો

સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં વિવિધ કામગીરી માટે રસ્તા બંધના જાહેરનામા પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવે છે. આ રસ્તા બંધ હોવાના કારણે દિવસે ને દિવસે ટ્રાફિક સમસ્યા વકરી રહી છે અને લોકોમાં ભારે આક્રોશ જોઈને વરાછા રોડના ધારાસભ્ય પણ અકળાયા છે. તેઓએ પોલીસ કમિશનરને પત્ર લખીને પુછ્યું છે કે, ભયંકર ટ્રાફિકની સમસ્યાથી લોકોને પારાવાર મુશ્કેલી ઉભી કરી વિકાસ કરવો કેટલે અંશે વ્યાજબી છે? આ ઉપરાંત પોલીસની કામગીરી પર ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે, ટ્રાફિક નિયમનની સમજ માટે જે પોલીસ મૂકવામાં આવી છે તે પોલીસ હેલ્મેટના દંડ ઉઘરાવવામાં વ્યસ્ત રહે છે, તેથી લોકોને ટ્રાફિકનો ત્રાસ ન થાય તેવી કામગીરી માટે માંગણી કરી છે. સુરત શહેરમાં હાલ ચાલી રહેલી મેટ્રોની કામગીરી ઉપરાંત અન્ય કામગીરીના કારણે અનેક રસ્તા બંધ કરવામાં આવ્યા છે. અનેક જગ્યાએ તો મેટ્રોનું તંત્ર, પોલીસ કે પાલિકાને જાણ કર્યા વિના આડેધડ રસ્તા બંધ કરી દે છે, જ્યારે કેટલીક વખત પોલીસ જાહેરનામાના આધારે રસ્તા બંધ કરી દે છે. તેના કારણે શહેરમાં ભારે ટ્રાફિક સમસ્યા થઈ રહી છે. જો કે, હાલમાં પોલીસ કમિશનર દ્વારા વરાછા વિસ્તારમાં રોડ બંધ કરવા માટે જાહેરનામું બહાર પડાયું છે તેના કારણે ટ્રાફિક સમસ્યા વકરી રહી છે. આ અંગે લોકોની અનેક ફરિયાદો બાદ વરાછા વિસ્તારના ધારાસભ્ય કુમાર કાનાણી અકળાયા છે.

### લોકો ઓછામાં ઓછા હેરાન થાય તે ધ્યાને રાખી વિકાસના કામોનું તબક્કાવાર આયોજન કરવું જોઈએ

કાનાણીએ પત્રમાં લખ્યું છે કે, વરાછા વિસ્તારમાં વિકાસના કામો માન્ય છે, પરંતુ બધા રોડ બંધ કરી ભયંકર ટ્રાફિકની સમસ્યાથી લોકોને પારાવાર મુશ્કેલી ઉભી કરી વિકાસ કરવો કેટલે અંશે વ્યાજબી ગણાય? લોકો ઓછામાં ઓછા હેરાન થાય તે ધ્યાને રાખી વિકાસના કામો થાય, પણ લોકોને ટ્રાફિકનો ત્રાસ ન થાય તે રીતે તબક્કાવાર કામોનું આયોજન કરવું જોઈએ અને તબક્કાવાર રોડ બંધ કરવા જોઈએ તેવી માંગણી કરી છે.

### ભયંકર ટ્રાફિકની સમસ્યાથી લોકોને પારાવાર મુશ્કેલી ઉભી કરી વિકાસ કરવો કેટલે અંશે વ્યાજબી ?

કુમાર કાનાણીએ વરાછા વિસ્તારમાં વકરતી ટ્રાફિક સમસ્યા અંગે પોલીસ કમિશનરને પત્ર લખ્યો છે. તેઓએ જણાવ્યું છે કે, છેલ્લા 2 વર્ષથી વરાછા રોડ પર મેટ્રોની કામગીરી ચાલુ હોવાના લીધે સુરત રેલવે સ્ટેશનથી બરોડા પ્રિસ્ટેજ સુધીનો લંબે હનુમાન રોડ બંધ છે. તેમજ રામનગર ચાર રસ્તાથી સીમાડા નાકા કેનાલ રોડ મેટ્રોની કામગીરીને લીધે અમુક ભાગનો રોડ જ ચાલુ છે. વરાછા મેઈન રોડ પર છેલ્લા 2 માસથી ડ્રેનેજની કામગીરી ચાલુ હોવાના લીધે વરાછા પોલીસ સ્ટેશનથી લઇને હીરાબાગ સુધી રસ્તો બંધ કરવાનું જાહેરનામું અગાઉ બહાર પાડવામાં આવેલ છે. હાલમાં વરાછા પોલીસ સ્ટેશનથી મોહનની ચાલ સુધી આ રોડ સદંતર બંધ છે. વલ્લભાચાર્ય રોડ પર બ્રિજના રેમ્પની કામગીરીને કારણે પી.પી. સવાણી સ્કૂલથી હીરાબાગ સુધી રસ્તાનું ડાયવર્ઝન આપેલ છે. આ સિવાય પાણીની મેઈન લાઈન લીકેજને કારણે વરાછા વિસ્તારમાં અવારનવાર આડેધડ ખોદકામ પણ થતા રહે છે.

### પોલીસ ટ્રાફિક નિયમનને બદલે દંડ ઉઘરાવવામાં મશગુલ રહે છે

કુમાર કાનાણીએ પત્રમાં એવો પણ ઉલ્લેખ કર્યો છે કે, હાલ થોડા સમય પહેલાં 16 ફેબ્રુઆરીથી વરાછા સેન્ટ્રલ વેર હાઉસથી લઇને પોદાર સુધીનો રસ્તો 6 મહિના માટે બંધ કરવાનું નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. હાલમાં એફિલ ટાવર અને પોદાર આર્કેડ પાસે જે ટ્રાફિક પોલીસ ઉભી રહે છે તે લોકોને ટ્રાફિક નિયમન અને રસ્તાની ગાઈડ લાઈન માટે છે. પરંતુ તેના બદલે તેઓ હેલ્મેટના દંડ ઉઘરાવવામાં વ્યસ્ત રહે છે અને ટ્રાફિકની સમસ્યા ઉભી કરે છે. તેમજ પ્રતિબંધિત સમયમાં ભારે વાહનો બિલકુલ બંધ કરી જાહેરનામાંનો અમલ કરવો જોઈએ.

### ઉધનામાં હક્કચોક્સી અને પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી નવી કચેરી દ્વારા હાથ ધરાશે

સુરતઃ મહેસૂલ વિભાગના નોટિફિકેશન અને સેટલમેન્ટ કમિશનર તેમજ જમીન દફ્તર નિયામક, ગાંધીનગરના પત્રના આધારે ચોર્યાસી તાલુકાના ઉધના વિસ્તારમાં હકકચોક્સી કરીને પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી માટે નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. હવે આ કામગીરી હક્કચોક્સી અધિકારી ૪૬+૫/૧ કિ.મી. ત્રિજ્યા, સુરત કચેરી દ્વારા હાથ ધરવામાં આવશે. આ કચેરી જૂની લાલ કોર્ટ બિલ્ડિંગ, બહુમાળી મકાન, નાનપુરા, રૂમ નં. ૮ અને ૯ ખાતે કાર્યરત છે. ઉધના સિટી સર્વે વિસ્તારમાં આવતી તમામ મિલ્કતના માલિકો અને નાગરિકોને આ અંગે અવશ્ય નોંધ લેવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે તેઓ હક્કચોક્સી અધિકારી ૪૬+૫/૧ કિ.મી. ત્રિજ્યા, સુરત કચેરીનો સંપર્ક કરી શકાશે.

### રમઝાનમાં યોજાય છે રાંદેરમાં અનોખું બજાર



■ હાલમાં પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે ત્યારે કુલ્ફી અને રંગુની પરાઠા માટે વિખ્યાત રાંદેરના રાત્રિ બજારમાં અનોખી રોનક જોવા મળી રહી છે. (તસવીર : હેમંત ડેરે)

### લિંબાયતમાં પ્લમ્બરીંગનું કામ કરતી વખતે નીચે પટકાતાં પ્લમ્બરનું મોત

સુરતઃ લિંબાયતના ત્રિકમનગર સોસાયટીના પ્લોટમાં પ્લમ્બરિંગ કામ માટે મકાનના બીજા માળે દીવાલની વચ્ચેના ગેપના ભાગે ચડવા જતાં પગ લપસી જતાં શ્રમજીવી યુવાનનું ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા કલ્પનાનગરમાં રહેતા 46 વર્ષીય શતીલાલ બારકુ માળી પ્લમ્બરિંગનું કામ કરી પત્ની, બે પુત્રી તેમજ એક પુત્રનું ભરણપોષણ કરતા હતા. કાલે બપોરે શતિલાલ લિંબાયતની ત્રિકમનગર સોસાયટીના પ્લોટ નં-46માં બે માળના મકાનમાં પ્લમ્બરિંગ કરતા હતા. દરમિયાન શતિલાલ મકાનના બીજા માળે દીવાલની વચ્ચેના ગેપમાં ભાગે ચડતા હતા ત્યારે તેમનો પગ લપસી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

### સચિન જીઆઇડીસીમાં રહેતા શ્રમજીવી યુવકે ફાંસો ખાઇ લીધો

સુરતઃ સચિન જીઆઇડીસી વિસ્તારમાં રહેતા યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલા શિવશક્તિ નગરમાં સંતોષભાઈની ચાલમાં રહેતા 21 વર્ષીય રામ સુખલાલ સિંગ જીઆઇડીસીની ખાનગી કંપનીમાં મજૂરી કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગુરુવારે સવારે રામે રૂમમાં પંખા સાથે મફલર બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ સચિન જીઆઇડીસી પોલીસ કરી રહી છે.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજા તથા રકમ ચૂકવવાનો હુકમ

સુરતઃ ફરિયાદીએ આરોપી પાસે કાર ખરીદી હતી, જેની પર બેંકની લોન બાકી હતી. કાર વેચનારએ લોન ભરપાઈ કર્યા વગર આખી રકમ પોતાના ઉપયોગ માટે રાખી લીધી, જેના પરિણામે ખરીદનારએ લોનની બાકી રકમ બેંકને ચૂકવવી પડી હતી. ખરીદનારએ આરોપી કાર વેચનાર પાસે આ રકમ પરત માંગતા તેણે ચુકવણી માટે ચેકો આપ્યા હતા. જોકે, તેઓ બેંકમાંથી રિટર્ન થતા ફરિયાદી દ્વારા કોર્ટમાં ચેક રિટર્નનો કેસ નોંધવામાં આવ્યો હતો.

કેસની વિગત એવી છે કે, ગોડાદરા ખાતે રહેતા ફરિયાદી રાજનાથ તિવારીએ તેનાં ઓળખીતા નિવાસ જયનારાયણ સીંગ(રાજપુત) (રહે. દિપવિલા કોમ્પ્લેક્ષ, ઉગતરોડ, જહાંગીરાબાદ) પાસેથી ડિસેમ્બર-2013માં ફોર્ડ ફિએસ્ટા કાર ખરીદી હતી. જે કારનો વેચાણ કરાર આરોપી નિવાસસીંગ રાજપૂતે ફરીયાદીને કરી આપ્યો હતો. પરંતુ તે કાર ઉપર બેંકની લોન હતી, જે લોન આરોપીનાં નામે હતી, જે લોન ફરીયાદીએ ભરવી પડી હતી. જેથી ફરિયાદીએ આરોપી પાસેથી આ રૂપિયા માંગ્યા હતાં. જેથી આરોપી નિવાસસીંગ રાજપૂતે ફરીયાદીને રૂ.1.04 લાખના ચેક આપ્યાં હતાં, જે ચેક બેંકમાં રજૂ થતા ચેક પાસ ન થતા ફરીયાદીએ વકીલ વિનય શુક્લા મારફતે આરોપી સામે ચેક રિટર્નનો કેસ કર્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી નિવાસસીંગ રાજપૂત તકસીરવાર ઠેરવી 6 માસની સજા તેમજ ચેકની રકમ ચૂકવવા આદેશ કર્યો હતો. ફરીયાદી તરફે વકીલ વત્સલ વડેરા તથા ઓમ યાજ્ઞિકે કરેલી દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

## શહેરમાં ઠેર ઠેર હોલિકા દહન, આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ હોળી શ્રદ્ધાપૂર્વક ઉજવાયું

**લોકોમાં** પર્યાવરણની જાગૃતિ વધી ને વૈદિક હોળીનું પ્રમાણ વધ્યું, હોળીની જ્વાળાઓ પરથી વર્ષ સામાન્ય રહેવાનો વર્તારો



સુરતઃ શહેરમાં ગુરૂવારે રાત્રે ઠેર ઠેર હોલિકા દહન સાથે આસુરી શકિત પર વિજયની ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારોની સોસાયટીઓ, મહોલ્લાઓ અને મેદાનોમાં હોલિકા દહનના કાર્યક્રમો યોજાયા હતા. કેટલાક સ્થળોએ વૈદિક પદ્ધતિથી તો અન્ય સ્થળોએ પરંપરાગત રીતે લાકડાની હોળી પ્રગટાવવામાં આવી હતી. આ વખતે અગાઉ કરતા વધુ વૈદિક હોળીઓનું આયોજન થતા લોકોમાં આવી રહેલી જાગૃતિની પ્રતિતિ થઇ હતી. જ્યોતિષીઓ દ્વારા અપાયેલા મુહૂર્ત મુજબ સુરતમાં વિવિધ જગ્યાએ મહિલાઓએ શુભ મુહૂર્તમાં હોળી માતાની વિધિવત પૂજા કરી હતી. તેમણે ધાણી, ખજૂર, હારડા અને નારિયેળ અર્પણ કર્યા હતા. આ સાથે પરિવારના સભ્યોના નિરોગી જીવન માટે પ્રાર્થના કરી હતી તેમજ 6.57 મીનિટના શુભ મુહૂર્તમાં હોળી પ્રગટાવાઈ હતી. હોળીની જ્વાળા જોઈને વરસ કેવું રહેશે તેનો વરતારો નીકળતો હોય છે, આ વખતે વર્ષે સામાન્ય રહેવાનો વર્તારો જયોતિષીઓ દ્વારા હોળીની જ્વાળાઓ જોઈને અપાયો છે. હોળી પર્વ ભક્ત પ્રહ્લાદ અને હિરણ્યકશ્યપુની પૌરાણિક કથા સાથે જોડાયેલું છે.

## પહેલી વખત તોડબાજ RTI એક્ટિવિસ્ટ પાસામાં ધકેલાયો

**હજી** ૧૨ થી ૧૫ તોડબાજ પત્રકારોનો કલર ઉતારવામાં આવશે


સુરતઃ રાંદેર ડુમસ અને સચીન જીઆઈડીસી વિસ્તારના નાગરિકો પાસે બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપી ખંડણી ઉઘરાવવા મામલે દિવ્ય સંદેશના પત્રકાર વિરૂદ્ધ ગુનાઓ નોંધાયા હતા.આ ગુનાઓમાં જામીન પર છૂટયા બાદ શહેર પોલીસ કમિશનર દ્વારા પત્રકારને પાસા હેઠળ કાર્યવાહી કરી ભૂજ જેલમાં મોકલી આપ્યો હતો.

વિધાનસભામાં અરવિંદ રાણાની રજૂઆત બાદ સુરત શહેર પોલીસે સુરત મહાનગર પાલિકા કચેરી બહાર બેસી RTI એક્ટ ખોટી ખોટી અરજીઓ કરી લોકોને હેરાન પરેશાન કરતા લોકોની માહિતી એકત્ર કરી હતી. જે બાદ રાંદેર ડુમસ અને સચીન જીઆઈડીસી પોલીસે દિવ્ય સંદેશના પત્રકાર સાબીર અબ્દુલ શેખ (રહે. આશિયાના કોમ્પ્લેક્સ અડાજણ) વિરૂદ્ધ ખંડણી નો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. સાબીર આ વિસ્તારના લોકો બાંધકામ તોડાવી પાડવાની ધમકી આપી પૈસા પડાવતો હતો. તે જામીન મુકત થતાં શહેર પોલીસ કમિશનર દ્વારા તેના વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી હતી.પોલીસે સાબીર વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી તેને ભૂજ જેલ ખાતે મોકલી આપ્યો હતો.આ મોટી કાર્યવાહીથી ફર્જી પત્રકારોમાં ફફડાટ ઉઠવા પામ્યો હતો.શહેર કમિશનર આગામી દિવસોમાં વધુ ૧૨ થી ૧૫ બોગસ પત્રકારો વિરૂદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

### શિવશક્તિ માર્કેટ જેવી આગ ફરી ન લાગે તે માટે

## કાપડ માર્કેટોમાં મંત્રા અને ફોસ્ટા ઇલેક્ટ્રિક સેફ્ટી ઓડિટનું સાથે મળી કામ કરશે

**મંત્રાએ** નહીં નફો, નહીં નુકસાનના ધોરણે ઓડિટ કરી આપવાની તૈયારી દર્શાવી



### 30થી 50 વર્ષ જૂની રિંગ રોડની કાપડ માર્કેટોમાં વાયરિંગ એ સમયની જરૂરિયાત મુજબનું છે: કૈલાસ હાકીમ

ફોસ્ટા પ્રમુખ કૈલાશ હાકીમે જણાવ્યું હતું કે, રિંગ રોડની 110 માંથી મોટાભાગની કાપડ માર્કેટો 30 થી 50 વર્ષ જૂની છે. આ માર્કેટ બની ત્યારે દુકાનોમાં એક પંખો, એક ટ્યુબ લાઈટની વ્યવસ્થા હતી. પણ સમય જતાં LED લાઇટ્સ લાગી, પંખા સાથે એસી. લગાવવામાં આવ્યા, હેલોઝન લાઇટ પણ લગાવવામાં આવી પરંતુ કેબલ વાયરિંગ જુનુંને જૂનું રહ્યું, આવી સ્થિતિમાં વીજ લોડ ફેક્ટરનું દયાન ન રાખવાથી શોર્ટ સર્કિટને લીધે આગની ઘટનાઓ બની રહી છે.

સુરતઃ સુરતના રિંગ રોડ વિસ્તારમાં આવેલી શિવ શક્તિ માર્કેટમાં આગ લાગવાની ઘટનાને લીધે 800 જેટલા કાપડની દુકાનના માલિકોને વ્યાપક નુકસાન થયું છે. ધ મેનમેડ ટેક્સટાઇલ રિસર્ચ એસોસિએશન (મંત્રા) દ્વારા ફોસ્ટાને સાથે રાખી તમામ માર્કેટોની દુકાનોને ઇલેક્ટ્રિક સેફ્ટી ઓડિટ કરવા માટે તૈયારી દર્શાવવામાં આવી છે.

મંત્રાનાં પ્રમુખ રજનીકાંત બચકાનીવાલાએ ફોસ્ટા પ્રમુખ કૈલાશ હાકીમ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, શિવ શક્તિ ટેક્સટાઇલ માર્કેટમાં ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટના લીધે લાગેલી ભીષણ આગની ઘટના ફરી નહીં બને એ માટે અમે નહીં નફો, નહીં નુકસાનના ધોરણે માર્કેટોની દુકાનોને ઇલેક્ટ્રિક સેફ્ટી ઓડિટ કરી આપવા તૈયારી દર્શાવી છે. મંત્રા પ્રથમ માર્કેટની 5 દુકાનો સેમ્પલ ટેસ્ટ તરીકે વિનામૂલ્યે ઓડિટ કરી આપશે.

જેમાં ફોસ્ટાનો સહયોગ મળશે તો આવી ઘટનાઓ અટકાવી શકીશું.

### પાલની પરિણીતાના આપઘાત કેસમાં સાસરિયા સામે દુષ્પ્રેરણાનો ગુનો

સુરતઃ પાલ રોડ પર સોહમ એલિગન્સમાં રહેતા દક્ષેશ વરેલિયાએ પાંચ વર્ષ પહેલાં અંકલેશ્વરની ૩૦ વર્ષીય શિલ્પા સાથે બીજા લગ્ન કર્યા હતા. બંનેના આ બીજા લગ્ન હતા. હાલમાં શિલ્પા પતિ અને સાસુ સસરા સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી. જોકે તેણીનો પતિ દક્ષેશ છેલ્લા ઘણા સમયથી બેકાર હતો. જ્યારે શિલ્પા છેલ્લા ત્રણ દિવસથી એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. શિલ્પાએ ગત તા.8 માર્ચને શનિવારે રાત્રે પોતાના ઘરે બેડરૂમમાં જઈ પંખા સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.બનાવ સંદર્ભે પાલ પોલીસે પતિ દક્ષેશ દિનેશભાઈ વરેલિયા, સસરા દિનેશભાઈ ભગુભાઈ વરેલિયા અને સાસુ નયનાબેન દિનેશભાઈ વરેલિયા વિરૂદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## અડાજણની મહિલા વેપારી સાથે ધંધામાં રોકાણના નામે રૂ.૬૩.૮૬ લાખની ઠગાઈ

**મહિલાને** ઉધનાના ઠગબાજ માં-દીકરાએ ઓનલાઇન ધંધામાં રોકાણ સામે ૨૬ ટકા નફો આપવાની લાલચ આપી હતી

સુરતઃ અડાજણમાં રહેતી મહિલાને ઓનલાઈન વેપાર કરતાં માં-દીકરાએ ધંધામાં રોકાણ પર ૨૬ ટકા નફો આપવાની લાલચ આપી રૂ.68.63 લાખ ઓનલાઈનના ધંધામાં રોકાણ કરાવી છેતરપિંડી કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચની ઈકોસેલ દ્વારા મળતી માહિતી મુજબ, અડાજણ એલ.પી. સવાણી રોડ પર આવેલા સ્વસ્તિક એવન્યુમાં રહેતા નીતાબેન ધીરેન્દ્રભાઈ પટેલ પાલ ખાતે હર્ષાંગ ક્રિએશનના નામે કિચનના સામાનનો વેપાર કરે છે.

વર્ષ-૨૦૨૨માં પતિ ધીરેન્દ્રભાઈના મિત્ર રાકેશભાઈ કનૈયાલલ જોષીએ તેમના ઓળખીતા અંકિત તિવારી ઓનલાઈન એમોઝોન, ફ્લિપકાર્ટ, મીશો વિગેરે જેવી સાઈટો ઉપર મોટાપાયે વેપાર કરતાં હોવાનું જણાવતા નીતાબેન પતિ ધીરેન્દ્રભાઈ સાથે મનોરમા રામાક્રિષ્ણા તિવારી તથા અંકિત રામાક્રિષ્ણા તિવારીની ઉધના બી.આર.સી. કમ્પાઉન્ડમાં આવેલી ફેકટરી ઉપર મળવા ગયા હતા.

ત્યાં તેઓએ જણાવ્યું હતું કે, અમે કપડા બનાવીને ઓનલાઈન સાઈટો પર ટી-શર્ટનો મોટાપાયે વેપાર કરીએ છીએ. અમો બંન્ને આ બિલિયનચીર્સ વેન્ચર્સ પ્રાઈવેટ લીમીટેડ ફર્મના ડીરેકટરો છીએ.

અમારી ફર્મમાં રોકાણ કરશો તો તેની ઉપર દર મહિને ૨૬ ટકા નફો આપવાવી લાલચ આપી હતી.

જેથી નીતાબેને ફર્મમાં રોકાણ કરવા માટે દાગીના ગીરવે મૂકી તેના ઉપર લોન લઈ તેમજ ટુકડે-ટુકડે કરી કુલ રૂ.૬૩,૮૬,૫૦૦ આપ્યા હતા.

ઠગબાજોએ તેઓના ધંધામાં રોકેલ રૂપિયા બાબતે મેમોરેન્ડમ ઓફ ઓફ અન્ડર સ્ટેન્ડિંગનો કરાર પણ બનાવી આપ્યો હતો. બાદમાં ઠગબાજોએ ધંધામાં કરેલા રોકાણમાં દર મહિને ૨૬ ટકા નફો નહીં આપતા ઉઘરાણી શરૂ કરી હતી.

ત્યારે માં-દીકરાએ પૈસા આપી દેવા બાબતે ગલ્લાં તલ્લાં કરી બાદમાં મોબાઈલ ફોન બંધ કરી દઈ છેતરપિંડી કરી હતી. આ મામલે નીતાબેન પટેલે ઈકોસેલમાં ઠગબાજ માં-દીકરા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### હૃદયની બીમારીથી કંટાળી અમરોલીના 82 વર્ષીય વૃદ્ધનો આપઘાત

સુરતઃ અમરોલી વિસ્તારમાં રહેતા વૃદ્ધે હૃદયની બીમારીથી કંટાળી ઘરે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. સ્મીમેર હોસ્પિટલ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોણપુર ગામના વતની અને હાલ અમરોલી ગણેશપુરા ગૃ.હા. બોર્ડ સોસાયટીમાં રહેતા 82 વર્ષીય વેલજીભાઈ માવજીભાઈ પ્રજાપતિ પુત્ર સાથે રહીને નિવૃત્ત વીતાવતા હતા. વેલજીભાઈને છેલ્લા 10 વર્ષથી હૃદયની બીમારી હતી અને તેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળી વેલજીભાઈએ કાલે રાત્રે ઘરે ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનો તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઇ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું ગુરુવારે સવારે મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.